**કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,**

**વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ, સેકટ-૧૯,**

**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

ક્રમાંકઃઘ/અ-૩/માધ્ય./GSSY /2023/22872-22906

તા. ૨૮/૧૨/૨૦૨૩

By Email

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય: મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત વિધાર્થીઓની ૮૦% કે તેથી વધુ હાજરી અંગે
સંદર્ભ: શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/2023/0079/CHH, તા. ૦૭/૦૬/૨૦૨૩

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત ૨૫,૦૦૦ તેજસ્વી વિધાર્થીઓની યાદી અત્રેની કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ વિધાર્થીઓને સ્કોલરશીપના પ્રથમ સત્ર અને બીજા સત્રની એમ બે હપ્તાની ઠરાવની જોગવાઇ મુજબની સ્કોલરશીપની રકમ આપવામાં આવનાર છે. પરંતુ આ વિધાર્થીઓને ઠરાવની જોગવાઈ મુજબ પ્રથમ સત્રની ૮૦% કે તેથી વધુ હાજરી હોય તો જ બીજા હપ્તાની સ્કોલરશીપની રકમ મળવાપાત્ર થાય છે. જેથી આ વિધાર્થીઓની પ્રથમ સત્રની હાજરી ૮૦% કે તેથી વધુ છે કે કેમ ? તે અંગે શાળાના આચાર્યના લોગ ઈનમાં ૮૦% કે તેથી વધુ હાજરી માટેનો વિકલ્પ પોર્ટલ પર ઉપલબ્ધ છે. તો શાળાના આચાર્યને આ બાબતે જાણ કરી જણાવ્યા મુજબની વિગતો આ યોજનાના પોર્ટલ પર અપલોડ કરવાની કામગીરી સત્વરે પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

આ યોજનાના ઠરાવની જોગવાઇ મુજબ સરકારી કે બિનસરકારી અનુદાનિત શાળામાં પ્રવેશ મેળવેલ વિધાર્થી દીઠ શાળાને Composite Grant આપવામાં આવનાર છે. તો સરકારી શાળાના કિસ્સામાં SMDC Acconut ણી તમામ વિગતો તથા બિનસરકારી શાળાના કિસ્સામાં શાળાના આચાર્યના બેન્ક એકાઉન્ટને વિગતો આ યોજનાના પોર્ટલ પર અપલોડ કરવા આથી જણાવવામાં આવે છે.

વધુમાં, ઉક્ત જણાવ્યા મુજબની તમામ કામગીરી તા. ૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. જે ધ્યાને લેશો.

નાયબ શિક્ષણ નિયામક(માધ્યમિક),
ગુ.રા., ગાંધીનગર